જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૭/૦૨/૨૦૧૯ બુધવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૩૭૬/૧૯**

**દેશી પિસ્ટલ તથા જીવતા કારતુસ સાથે મળી આવતા આરોપીને ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર**

અમદાવાદ શહેર વિસ્તારમાં કાયદો વ્યવસ્થા જળવાઇ રહે તેમજ મિલકત સબંધી ગુન્હાઓ શોધી કાઢવા તથા અટકાવવા સારૂ તથા અનડીટેક્ટ લુંટના ગુન્હાઓ શોધી કાઢવા સારુ સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી, જે.આર. મોથલીયા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી દીપન ભદ્રન સાહેબ નાઓએ આપેલ સુચના અનુસાર મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી બી.વી.ગોહિલ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્ક્વોડના પોલીસ ઇન્સ. શ્રી એન.આર.બ્રહ્મભટ્ટ તથા પોલીસ સબ ઈન્સપેક્ટર શ્રી બી.એચ.કોરોટ નાઓ સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન મળેલ બાતમી હકીકત આધારે ગાંધી બ્રીજ નીચે રીવરફ્રન્ટ જાહેર રોડ ઉપર થી આરોપી જાકીરહુસૈન અબ્દુલકાદર શેખ ઉ.વ.૩૭ રહે. ડુંગળીવાડ, શાહપુર મીલ કમ્પાઉન્ડ, શાહપુર, અમદાવાદ શહેર નાને પકડી તેની પાસેથી દેશી તમંચો નંગ-૧ કિ.રૂ. ૧૫૦૦/- તથા નાની સાઈઝના કારતુસ નંગ – ૩ કિ.રૂ. ૩૦૦/- તથા મોટી સાઈઝનો કારતુસ નંગ ૧ કિ.રૂ. ૧૦૦/- તથા પિસ્તલ રાખવાનુ પાઉચ કિ.રૂ. ૦૦/૦૦ મળી કુલ કિ.રૂ. ૧૯૦૦/- નો મુદામાલ તપાસ અર્થે કબજે કરવામાં આવેલ છે.

આ કામે પકડાયેલ આરોપી પાસેથી મળી આવેલ ગેરકાયદેસર હથિયાર તથા કારતુસો બાબતે પુછપરછ કરતા હકીકત જાણવા મળેલ કે સને ૨૦૧૩ માં પોતાના મિત્રો સાથે ટ્રેનમા બેસી અજમેર જતા હતા તે વખતે મહેસાણા પહોંચતા ટ્રેનના ડબ્બામાં બેસેલ અન્ય ઈસમોને અંદરો અંદર ઝઘડો તકરાર થયેલ જેમાના એક ઈસમે તેની પાસેના હથિયાર વડે સામાવાળાને ફાયરીંગ કરી ઈજા પહોંચાડી પોતાની બેગ ભુલીને ભાગી ગયેલ જે બેગમાંથી આ કામના પકડાયેલ આરોપીને આ હથિયાર તથા કારતુસો મળી આવેલ જે તેણે પોતાની પાસે રાખી આજદીન સુધી બદઈરાદાથી છુપાવી રાખેલ હતા,

ઉપરોક્ત સબંધે મહેસાણા ખાતે તપાસ કરતા મહેસાણા રેલ્વે પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં. ૧૮/૨૦૧૩ ધી ઈ.પી.કો. કલમ ૩૦૭,૩૫૪,૫૦૪,૧૧૪ તથા આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧)(૨) મુજબ ગુન્હો રજીસ્ટર થયેલ છે.

આ કામના આરોપીના ગુન્હાહિત ઈતીહાસ બાબતે તેમજ મળી આવેલ હથિયાર બાબતે ઉંડાણપુર્વક તપાસ હાથ ધરી આગળની વધુ તપાસ પો.સ.ઈ. શ્રી બી.એચ.કોરોટનાઓ ચલાવી રહેલ છે.

# <u>સને-૨૦૧૮ ની સાલના સાણંદ જી.આઇ.ડી.સી પોલીસ સ્ટેશનના વ્હીકલ ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી ગોમતીપુર પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "એચ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓ તરફથી મળતી સુચનાઓ જેમાં મિલ્કત સબંધી ગુનાઓ અટકાવવા તથા બનેલ ગુનાઓ શોધી કાઢવા સારૂ મળેલ સુચના આધારે

આજરોજ સર્વેલંન્સ સ્કોડના પોલીસ સબ ઇંન્સ્પેકટરશ્રી એસ.આઇ.રઇશ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ખાનગી બાતમીદારથી બાતમી હકીકત મળેલ કે એક સફેદ કલરના એકટીવા ઉપર એક ઇસમે કાળા ડાર્ક બ્લ્યુ કલરનુ શર્ટ તથા વાદળી કલરનુ જીંન્સનુ પેન્ટ પહેરેલ છે તે ઇસમ પોતાના કબ્જાની સફેદ કલરની એકટીવા જેની આગળ પાછળ નંબર પ્લેટ નથી તે એકટીવા કે જે છળકપટ કે ચોરીથી મેળવેલ છે અને સારંગપુર બ્રીજ તરફથી આવી અત્રે થઇ આગળ જવાનો છે. જે હકીકત આધારે સદર એકટીવા ચાલક <u>વિશાલ સ/ઓ નટવરભાઇ રેવાભાઇ પરમાર ઉ.વ.૨૦ રહે.મ.નં.૧૮૭૩/૭/૩ કેશા બલ્લુની ચાલી નગરી મીલ રોડ રાજપુર ટોલનાકા ગોમતીપુર અમદાવાદ શહેર</u> નાનો મળી આવેલ જેની પાસે એકટીવા અંગેના પુરાવા માગતા નહી હોવાનુ જણાવેલ અને જે એકટીવાનો એન્જીન નંબર JF50EU8048245 તથા ચેચીસ નંબર ME4JF50BFJU048164 નો લખેલ છે. જેની કિ.રૂ.૨૫,૦૦૦/- ગણી તપાસના કામે કબ્જે કરેલ છે. જે આધારે અત્રેના <u>સાણંદ જી.આઇ.ડી.સી પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૭૫/૨૦૧૮ ઇપીકો કલમ ૩૭૯ મુજબ</u>નો ગુનો દાખલ થયેલ હોય આ કામે સદર ચોરીના એકટીવા સાથે પકડાયેલ ઇસમની વિરૂધ્ધમાં કાયેદસરની કાર્યવાહી કરી આગળની તપાસ હાથ ધરવામાં આવેલ છે.

# પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ.

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી એ.કે.સિંઘ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ શ્રી એમ.એસ.ભરાડા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી અક્ષયરાજ મકવાણા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી.એન.એલ.દેસાઈ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.જાડેજા નાઓએ "સચિન સંતોષભાઇ ઠાકુર, ઉ.વ.૨૪ રહે: મ.નં-૫/૧૪૭, નાનજી દેશમુખના ચાર માળીયા, સુવાસ ઓરમ ફ્લેટની બાજુમાં, ઓઢવ, અમદાવાદ શહેર" નાનો "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતો હોય સદરી ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી. અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે સચિન સંતોષભાઇ ઠાકુર નાઓ વિરૂધ્ધ પાસા હુકમ નં-**PCB/DTN/PASA/196/19** તા.26/02/2019 અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને પો.સ્ટે સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઈ શ્રી એસ.જે.ચૌહાણ તથા અ.હેડ.કોન્સ દિલીપસિંહ કિશોરસિંહ બ.નં-૭૫૮૯ તથા અ.પો.કો જયપાલસિંહ પ્રવિણસિંહ બ.નં-૭૪૪૯ તથા અ.પો.કો ધીરૂભાઇ જીવણભાઇ બ.નં-૧૧૬૬૨ એ રીતેના પોલીસ સ્ટાફના માણસો સાથે ઓઢવ આજણા ચોક પાસેથી અ.પો.કો ધીરુભાઇ નાઓની સંયુક્ત બાતમી હકિકત આધારે સદરી ઈસમને તા.૨૫/૦૨/૨૦૧૯ ના ક.૨૧/૧૫ વાગે પકડી લઇ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી પાલારા જેલ, ભુજ મધ્યસ્થ જેલ ખાતે પાસા અટકાયતીને જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

## ભારતીય બનાવટનો વિદેશી દારૂ ની અલગ અલગ બ્રાંડ ની શીલ બંધ બોટલ નંગ-૨૮ કુલ્લે કિ.રૂ.૧૫,૨૦૦/-ના મત્તાનો દારુનો જથ્થો પકડી પાડતી સરદારનગર પોલીસ

અધિક પોલીસ કમિશ્નર સાહેબ શ્રી સેકટર- ૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ તથા મદદનીશ પો.કમિ.શ્રી જી ડીવીઝન સાહેબ તથા પોલીસ ઇન્સપેકટર જે.સી.શેખ સાહેબ નાઓની સુચના મુજબ સર્વેલન્સ સ્કોર્ડના પો.સબ.ઇન્સ. શ્રી જે.કે.બ્રહ્મભટ્ટ તથા બીજા સર્વેલંસ સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીગમા હતા તે દરમ્યાન મળેલ ખાનગી બાતમી હકીકત આધારે તા.૨૬/૦૨/૨૦૧૯ ના કલાક- ૨૩/૧૦ વાગે આરોપી કવીતાબેન ગૌતમભાઇ ઉત્તમભાઇ ગુમાને (છારા) ઉ વ ૪૫ રહેવાસી- સિગલચાલી છારાનગર કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર નાની ભારતીય બનાવટના વિદેશી દારુ નો જથ્થો કુલ્લે બોટલ તથા બીયર નંગ-૨૮ કુલ્લે કિ.રૂ. ૧૫.૨૦૦/- ની મત્તાના પોતાના રહેણાક મકાનમા રાખી રેડ દરમ્યાન મળી આવી પકડાઇ ગયેલ હોય સદરી વિરુધ્ધમા પ્રોહી એકટ કલમ ૬૬બી,૬૫(એ)(ઇ),૧૧૬(૨) મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.